

**કુદરતનો કરિશ્મા ભર શિયાળે લિંબોળી**

સામાન્ય રીતે લીમડા ઉપર ઉનાળો પુરો થતાં ચોમાસાની શરૂઆત થતાં લીમડાને ફૂલ આવી લિંબોળી બેસે છે. પણ સંવત ૨૦૭૦ના વર્ષની શરૂઆતના શિયાળે લક્ષ્મીપુરા ગામથી ૨ કિ.મી. દૂર તાંદલિયા કંપાના રસ્તા ઉપર વિશાળ લીમડાના વૃક્ષ ઉપર ફુલ આવી લિંબોળી બેસતાં કુદરતના આ કૌતૂકને નિહાળવા આજુબાજુના ગામનાં લોકો ઉમટી પડયા હતા. અને કુદરતની આ અકળ લીલાને મનોમન નિહાળી અચરજ વ્યકત કરી રહ્યા છે.

(તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર)

## પ્રાંતિજમાં બેવડી ઋતુથી ઘરે ઘરે બિમારીના ખાટલા

તાલુકામાં બેવડી ઋતુના કારણે અહિના લોકો શરદી, તાવ, કફ, ખાંસી જેવી બિમારીમાં સપડાવાથી દવાખાનાઓ દર્દીઓથી છલકાવા લાગ્યા છે. સવારે ઠંડી બપોરે ગરમી અને ક્યારેક વાદળછાયુ વાતાવરણથી દર્દીઓની સંખ્યામાં અચાનક વધારો જોવા મળ્યો છે. લોકોમાં શરદી, માથાનો દુઃખાવો અને ચિકન ગુનીયા જેવા દર્દોએ ફરી માથુ ઉંચક્યુ છે. ત્યારે તાલુકાની પ્રજા બિમારીમાં સપડાવાથી તાલુકાના લોકો ચિંતિત થઈ જવા પામ્યા છે.

અચાનક ઠંડીની શરૂઆત થતા કબાટમાં મુકેલા ગરમ વસ્ત્રોને બહાર કાઢવાની શરૂઆત થઈ ગઈ છે. દિવાળી પછી અચાનક બિમારી અને ઠંડીથી અહિંના લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. બાળકો, વૃદ્ધો અને મહિલાઓને પણ બિમારીનો સામનો કરવો પડયો છે. દિવાળીમાં વેપારીઓને દિવાળી કરાવી હવે દવાખાનામાં ડૉક્ટરોને દિવાળી કરાવવાથી અહીની પ્રજાને પડતા ઉપર પાટુ પડ્યું હોય તેવું જાણવા મળ્યું છે.

# સમગ્ર દેશ ગુજરાત જેવી શાંતિ અને સલામતી ઈચ્છે છે : રજનીભાઈ પટેલ

## પાલનપુરમાં ગૃહ મંત્રીના હસ્તે મહિલા પોલીસ સ્ટેશન અને ટ્રાફીક એજ્યુકેશન સેન્ટરનું લોકાર્પણ

પાલનપુર, તા. ૧૧

**પાલનપુર મુકામે નવીન મંજુર થયેલ મહિલા પોલીસ સ્ટેશનનું લોકાર્પણ ગૃહ અને નશાબંધી તથા આબકારી વિભાગના રાજયમંત્રી શ્રી રજનીભાઇ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. પાલનપુર પોલીસ હેડ ક્વાર્ટર ખાતે રૂ.૪૦ લાખના ખર્ચથી નિર્માણ પામેલ ટ્રાફિક એજ્યુકેશન સેન્ટર અને ઓડીટોરીયમ હોલનું મંત્રીશ્રીએ લોકાર્પણ કર્યું હતું.**

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

**આ -સંગે મંત્રી શ્રી રજનીભાઇ પટેલે જણાવ્યું હતું કે સમાજ જીવનનાં સુખનો મુખ્ય આધાર શાંતિ અને સલામતી છે. તેમણે કહ્યું કે ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ખુબ સારી છે. તેમણે કહ્યું કે સમગ્ર દેશના લોકો ગુજરાત જેવી શાંતિ અને સલામતી ઇચ્છે છે.**

**મંત્રીશ્રીએ કહ્યું કે સમાજમાં ૫૦ ટકા હિસ્સો બહેનોનો છે તેને લક્ષમાં રાખી તેમની સલામતી માટે મહિલા પોલિસ સ્ટેશનો શરૂ કરવામાં આવી રહ્યા છે. તેમણે કહ્યું કે ગુન્હાઓ થતાં અટકાવવા અને ગુન્હાઓને ઝડપથી ઉકેલવા રાજય સરકારે સુરક્ષા સેતુ નામનો સુંદર કાર્યક્રમ શરૂ કર્યો છે. મંત્રીશ્રીએ કહ્યું કે ગુજરાત પોલિસની સુંદર કામગીરીના લીધે ગુજરાતમાં છેલ્લા એક દાયકાથી સુંદર માહોલ બન્યો છે. તેમણે કહ્યું કે ગુજરાતમાં સારું વાતાવરણ હોવાથી ઔધોગિક વિકાસ ખુબ ઝડપથી થયો છે. તેમણે કહ્યું કે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના શાસનમાં એકપણ ક્ષેત્ર વિકાસથી વંચિત રહ્યું નથી. તેમણે કહ્યું કે ક્રાઇમ રેટને કન્ટ્રોલમાં રાખવાનું શ્રેષ્ઠ કામ ગુજરાત પોલીસે કર્યું છે.**

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજયમંત્રી શ્રી પરબતભાઇ પટેલે જણાવ્યું હતું કે રાજય સરકારે છેલ્લા દાયકામાં સંખ્યાબંધ વિકાસ કામો કર્યા છે. તેમણે કહ્યું કે પોલીસ વિભાગમાં પારદર્શક રીતે પોલસી જવોનોની ભરતી કરવામાં આવી છે. તેમણે કહ્યું કે આજે સમય -માણે પોલીસ પાસે -જાની અપેક્ષાઓ વધી છે ત્યારે પોલીસ અને -જા એકબીજાના સહયોગથી કામ કરે તે ખુબ જરૂરી છે. મંત્રીશ્રીએ કહ્યું કે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ જયારથી ગુજરાતની શાસનધૂરા સંભાળી છે ત્યારથી ગુજરાતમાં એકપણ છમકલું થયું નથી અને કાયમી શાંતિ સ્થપાઇ છે તે પોલીસની કામગીરીને આભારી છે. તેમણે કહ્યું કે મહિલા પોલીસ સ્ટેશનો સમાજને જોડવાનું સમરસતાનું કામ કરશે.**

**ભૂજ રેન્જના નાયબ પોલિસ મહાનિરીક્ષક શ્રી એ. કે. જાડેજાએ જણાવ્યું હતું કે રાજય સરકારના હકારાત્મક અભિગમના કારણે આજે પોલિસ -જાવત્સલ અને -જાનો મિત્ર બની કામ કરે છે. તેમણે કહ્યું કે સરકારે પોલિસ વિભાગને આધુનિક ટેકનોલોજીથી સજ્જ બનાવ્યો છે જેનાથી ગુન્હાઓના ભેદ ઝડપથી ઉકેલી શકાય છે. તેમણે કહ્યું કે મહિલાઓની સુરક્ષા માટે રાજયમાં તબક્કાવાર મહિલા પોલીસ સ્ટેશનો શરૂ કરવામાં આવશે. તેમણે જણાવ્યું કે સુરક્ષા સેતુ કાર્યક્રમથી પોલિસ અને -જા વચ્ચેનું અંતર ઓછું થયું છે.**

**પોલિસ અધિક્ષકશ્રી અશોકકુમાર યાદવે જણાવ્યું હતું કે, મહિલાઓની સુરક્ષા માટે ફૂલ-૫૦ પોલીસ સ્ટાફના મહેકમવાળુ મહિલા પોલિસ સ્ટેશન પાલનપુર ખાતે શરૂ કરવામાં આવ્યું છે. તેમાં ૧ મહિલા પી.આઇ, ૨ મહિલા પી.એસ.આઇ, ૬ મહિલા એ.એસ.આઇ, ૧૦ મહિલા હેડ કોન્સ્ટેબલ, ૩૦ મહિલા પોલીસ કોન્સ્ટેબલ, ૧ ડ્રાઇવર કોન્સ્ટેબલ ફરજ બજાવશે. તેમણે કહ્યું આ પોલિસ સ્ટેશનનો લાભ સમગ્ર જિલ્લાની -જાને મળશે. તેમણે કહ્યું કે મહિલાઓની સુરક્ષા માટે પોલીસ અને સરકાર ધ્વારા ખુબ સારું કામ કરવામાં આવે છે.**

**આ -સંગે મહિલા પી.એસ.આઇ. સુશ્રી રીનાબેન તાવીયાડને મંત્રીશ્રીના હસ્તે નિમણૂંક પત્ર એનાયત કરવામાં આવ્યો હતો. -રંભમાં નાયબ પોલિસ અધીક્ષક શ્રી એન. એસ. નિનામાએ સ્વાગત -વચન કર્યું હતું. આ -સંગે સાંસદશ્રી હરીભાઇ ચૌધરી, ધારાસભ્યો સર્વશ્રી કેશાજી ચૌહાણ, શ્રી મહેશભાઇ પટેલ, શ્રી કાંતિભાઇ ખરાડી, નગર પાલિકા -મુખ શ્રી હસમુખભાઇ પઢીયાર, કલેક્ટરશ્રી જે. જી. હિંગરાજીયા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી એમ. એસ. પટેલ, -નંત અધિકારીશ્રી જે. બી. દેસાઇ સહિત પોલિસ વિભાગના અધિકારીઓ અને પોલીસ જવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.**

# રામોસણા સર્કલ પાસે બની રહેલ ઓવરબ્રિજને લીધે ટ્રાફિક જામની સમસ્યાથી પ્રજામાં રોષ

મહેસાણા, તા. ૧૧

મહેસાણા ખાતે હાઈવે પર રામોસણા સર્કલ પાસે પાટણ રેલવે લાઈન પર નવિન બની રહેલ ઓવરબ્રિજને લીધે દિવસે અને રાત્રે અવારનવાર ભારે ટ્રાફિક જામ થતો હોઈ કલાકો સુધી ટ્રાફિક જામની પરેશાનીથી વાહનચાલકો ભારે ત્રાસ પોકારી ઉઠ્યા છે. અત્રે રામોસણા સર્કલ પાસે પાટણ બ્રોડગેજ રેલવે લાઈન પર ફાટકે ટ્રાફિક સમસ્યાને હલ કરવા માટે છેલ્લા ઘણા સમયથી નવિન ઓવરબ્રિજ બનાવવાનું કામ ચાલી રહ્યું છે. આ બ્રિજની કામગીરી મહદઅંશે પૂર્ણ થવા આવી છે. પરંતુ ઓવરબ્રિજની બંને સાઈડે સર્વિસ રોડ તૂટેલી હાલતમાં ભંગાર હોઈ હાઈવે પરથી પસાર થતા નાના મોટા વાહનોની લાંબી કતારો જામે છે. જેથી ટ્રાફિકની વિકટ સમસ્યા ઉભી થતાં કલાકો સુધી ટ્રાફિક જામ થઈ જાય છે અને વાહનોના ઈંધણ પેટ્રોલ, ડીઝલ, ગેસનો ભારે વ્યય થવાની સાથે વાહનચાલકો તેમજ વાહનોમાં બેઠેલા મુસાફરો ભારે પરેશાની વેઠી રહ્યા છે. ટ્રાફિક જામમાં એમ્બ્યુલન્સવાનો, પોલીસવાનો તેમજ રાજકારણીઓની ગાડીઓ પણ ફસાય છે તેમ છતાં દરરોજની આ વિકટ સમસ્યા કોણ જાણે કેમ હલ થતી નથી. પરિણામે લોકો ભારે ત્રાસ પોકારી ઉઠ્યા છે.

બીજું મહેસાણા શહેરમાં પાટણ રેલવે લાઈન પર હાઈવેને જોડતા ધોરીમાર્ગ પર તૈયાર થવા આવેલ ઓવરબ્રિજના બાંધકામમાં ભારે ગેરરીતિઓ આચરવામાં આવી હોવાના આક્ષેપો લોકોમાં થઈ રહ્યા છે. ઓવરબ્રિજ પર ફોરલેન રોડ બનાવવાના કામમાં માટી આ રેતીનો મહત્તમ ઉપયોગ થઈ રહ્યાનું ચર્ચાય છે. કોન્ટ્રાક્ટર દ્વારા જ ઓવરબ્રિજના બાંધકામમાં કથિત ગેરરીતિઓને લીધે બાંધકામની ગુણવત્તાને લઈને લોકોમાં તરેહ તરેહની વાતો ચર્ચાઈ રહી છે. ત્યારે આમાં ખરેખર સત્ય શું છે તે અંગે રાજય સરકારે ઉચ્ચકક્ષાએથી જીણવટભરી તપાસ કરાવવી જરૂરી બન્યું છે.

# હિંમતનગર માર્કેટયાર્ડમાં કપાસની મબલક આવક

હિંમતનગર, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય માર્કેટયાર્ડ તરીકે આગવી ઓળખ ધરાવતા હિંમતનગર માર્કેડયાર્ડમાં દીવાળીના વેકેશન બાદ હરાજીનું કામકાજ શરૂ થયું છે. મીની વેકેશન બાદ શનિવારથી સારા ચોઘડીયામાં માર્કેટયાર્ડના વેપારીઓએ હરાજીનું કામકાજ શરૂ કર્યું હતું. વહેલી સવારથી જ ખેડૂતો ઊંટલારી, ટ્રેક્ટરોમાં પોતાના માલની હરાજી કરવા માટે આવી પહોંચ્યા હતા. સોમવારે ૪૭,૪૦૦ કિ.ગ્રા.થી વધુ કપાસની આવક થઈ હોવાનું માર્કેટયાર્ડના સૂત્રોએ જણાવ્યું હતું. હિંમતનગર માર્કેટયાર્ડમાં દીવાળીના આઠ દિવસના મીની વેકેશન બાદ માર્કેટયાર્ડમાં વેપારીઓએ હરાજીનું કામકાજ શરૂ કર્યું છે. વહેલી સવારે ખેડૂતો ઊંટલારી, ટ્રેક્ટરોમાં કપાસને લઈ વેચાણ માટે આવી પહોંચતા બજાર પુનઃ ધમધમતું થયું છે. વેપારીઓએ પણ ખેડૂતોને મીઠો આવકાર આપી કપાસની હરાજીની કામગીરી શરૂ કરી હતી. આ અંગે હિંમતનગર કોટન માર્કેટયાર્ડના ભાવેશભાઈ પટેલે એક વાતચીતમાં જણાવ્યું હતું કે કોટન માર્કેટયાર્ડમાં શંકર-૬ બ્રાન્ડ કપાસની આવક શરૂ થવા પામી છે. શનિવારે પ્રથમ દિવસે ૩૧,૧૦૦ કિ.ગ્રા. અને સોમવારે ૪૭,૪૦૦ કિ.ગ્રા. કપાસની આવક થવા પામી હતી. મુહૂર્તના સોદામાં કપાસના પ્રતિ ૨૦ કિ.ગ્રા.ના ભાવ રૂ. ૯૦૦ થી રૂ. ૯૭૮ સુધીના બોલાયા હતા. ગત વર્ષની સરખામણીમાં કપાસના સારા ભાવે ખરીદી થતાં ખેડૂતો પણ ખુશખુશાલ જોવા મળ્યા હતા. ગત વર્ષે કપાસના પ્રતિ ૨૦ કિ.ગ્રા.ના ભાવ રૂ. ૮૦૦ થી રૂ. ૮૭૫ સુધીના રહ્યા હતા. આ અંગે માર્કેટયાર્ડના કેટલાક વેપારીઓએ એક વાતચીતમાં જણાવ્યું હતું કે હિંમતનગર કોટન માર્કેટયાર્ડમાં વેપારીઓ સારા મુહૂર્તમાં કપાસની ખરીદી શરૂ કરી છે. ભિલોડા, ઈડર સહિત આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ખેડૂતો કપાસનું વેચાણ કરવા માટે આવે છે. ગત વર્ષની સરખામણીમાં કપાસનું આંતરરાષ્ટ્રીય બજારમાં તેજી રહેવાની આશા હોવાથી વેપારીઓ કપાસના ઊંચા ભાવે ખરીદી કરી રહ્યા છે. શંકર-૬ બ્રાન્ડના કપાસની ગુણવત્તા ખુબ જ સારી હોવાથી જીનીંગ મીલોમાં સારી એવી માંગ રહે છે.

## બાંધેલા કુલ ૩ ગૌવંશની મોડી રાત્રે ઉઠાંતરી થઈ

અમદાવાદ, તા.૧૧

છેલ્લા કેટલાક સમયથી ગૌવંશોની હત્યા અને તેમની ઉઠાંતરીના બનાવો અસંખ્ય બનવા લાગ્યા છે. ત્યારે શહેરના સોલા વિસ્તારમાં આવેલ હનુમાનજીના મંદિરની બહાર બાંધેલ ત્રણ ગૌવંશોને અજાણ્યા શખ્સો લઈને ફરાર થઈ ગયા હતા. આ ઘટનાની જાણ સોલા પોલીસને કરતા વધુ તપાસ હાથ ધરાઈ છે. સુત્રો દ્વારા મળતી વિગત અનુસાર, સોલા પોલીસ મથકમાં ધનેશ્વર મફતલાલ જોષીએ ફરીયાદ નોંધાવી હતી કે, ગતરાત્રીના સોલા વિસ્તારના આરસી ટેકનિકલ રોડ પર આવેલ સંકટ મોચન હનુમાન મંદિરની બહાર બાંધેલ ત્રણ ગૌવંશોને કોઈ અજાણ્યા શખ્સો ઉઠાવી ગયા હતા. આ ગૌવંશોને મંદિરની બહાર દોરડાથી બાંધવામાં આવ્યા હતા. જ્યાં અજાણ્યા શખ્સો દોરડા કાપીને ત્રણેય ગૌવંશને લઈ ફરાર થઈ ગયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, થોડા સમય અગાઉ માલધારી સમાજે ગૌવંશ મુદ્દે રાજ્ય સરકાર સામે ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી. જેમાં રાજ્ય સરકારે માલધારી સમાજની ઉગ્રતા સામે નમતું જોખી ગૌવંશ મુદ્દે ખાસ કાયદો બનાવ્યો હતો.

# પૌરાણિક વાવ અને ધાર્મિક મંદિરોના વિકાસની માંગ કરતી પ્રાંતિજની પ્રજા

પ્રાંતિજ, તા.૧૧

પ્રાંતિજના ભાખરિયા વિસ્તારમાં આવેલી પૌરાણિક વાવ અને મહાકાળી માતાજીના મંદિરને પારસમણી અડાડવામાં આવે તેવી પ્રાંતિજ તેમજ આજુબાજુની જનતાની માંગ ઉઠવા પામી છે.

પ્રાંતિજમાં અનેક પૌરાણિક વાવ અને ચમત્કારી ધામો આવેલા છે. જેમાં ભાખરિયા વિસ્તારમાં આવેલી વાવ અને મહાકાળી માતાજીના મંદિરને સરકાર દ્વારા યોગ્ય સહાય કરી પર્યટક સ્થળ બનાવવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે. આ વાવ પત્થરથી કલાત્મક રીતે બનાવવામાં આવી છે. વાવનું પાણી તે સમયે નાળિયેરના પાણી કરતા પણ સવાયું લાગતું હતું. વાવને મીઠી વીરડી પણ કહેવામાં આવતી હતી. સમય જતા વાવ ખંડેરમાં પરિણમવા પામી છે.

વાવની બાજુમાં બિરાજેલા મહાકાળીમાં, રાંદલમાં, ખોડલમાંના મંદિરો આવેલા છે. દર્શનાર્થે આવતા ભકતો વાવને જોઈને નિસાસા નાંખે છે અને સરકાર દ્વારા યોગ્ય સહાય કરી જગ્યાને વિકસાવવાની ચર્ચા કરતા હોય છે.

સામાજીક કાર્યકર દેવીબહેન અને શૈલેષભાઈ ત્રિવેદીએ રાજકારણીઓ સામે આક્ષેપ કર્યો છે કે નેતાઓ ફકત મેળાવડા કરવા માટે આ જગ્યાનો ઉપયોગ કરે છે પણ જગ્યાનો વિકાસ થાય તેમજ સરકરમાં રજૂઆતો કરવા માટે કયારેય આગળ આવતા નથી. સામાજીક કાર્યકર અને પ્રાંતિજની પ્રજા હવે આ પૌરાણિક જગ્યા કયારે પર્યટક સ્થળ બને એની રાહ જોઈ રહી છે.

## અરવલ્લી જિલ્લામાં પ્રજાપતિ સમાજનું સ્નેહ સંમેલન યોજાયું

**અરવલ્લી જિલ્લાના અસ્તિત્વ બાદ સૌ પ્રથમ વખત પ્રજાપતિ સમાજનું સ્નેહ સંમેલન વડાગામ ખાતે યોજવામાં આવ્યું હતું. જેમાં જિલ્લાના પ્રજાપતિ સમાજના યુવાનો, બાળકો, બહેનો ઉપસ્થિત રહ્યા હતા. હરસોલ અને વડાગામના સંયુક્ત ઉપક્રમે સમાજના તેજસ્વી તારલાઓ, તેમજ સમાજના ૬૫ વર્ષથી વધુ વય ધરાવતા સિનિયર સિટીજનોનું દિવાંગું સાંપડે તેવી શુભકામનાઓ કરવામાં આવી હતી.**

(તસવીર : કલ્પેશ જોષી)

## કાનપુરના આશાપુરા માતાના મંદિરમાં તસ્કરો ત્રાટક્યા

હિંમતનગર, તા. ૧૧

ઈડર તાલુકાના કાનપુર ગામમાં આવેલ આશાપુરા માતાનું મંદિરમાં રવિવારે રાત્રે અજાણ્યા ઈસમોએ આવી દાનપેટીની ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે ગામમાં જાણ થતાં આ ચોરીમાં કોઈ જાણ ભેદુ હોવાની ચર્ચા શરૂ થઈ છે. ઉલ્લેખનીય છે કે અગાઉ ત્સકરોએ મંદિરને નિશાન બનાવી ચોરી કરી હતી.

આ અંગે કાનપુર ગામના ચૌહાણ ભરતસિંહ પ્રેમસિંહ તથા ચૌહાણ નટવરસિંહ સુમેરસિંહના જણાવ્યા અનુસાર રવિવારે રાત્રે અજાણ્યા ઈસમોએ મંદિરમાં પ્રવેશ કરી દાનપેટી તોડી તેમાંથી અંદાજે રૂ. ૮૦૦ રોકડની ચોરી થઈ છે. મંદિરમાં વારંવાર ચોરી થતી હોવાથી રાજપુત સમાજે માંગ કરી છે કે જો મંદિર નજીક હોમગાર્ડ પોઈન્ટ શરૂ કરવામાં આવે તો મંદિરની સાથે બાજુમાં આવેલ હાઈસ્કૂલ અને બસ સ્ટેન્ડ ઉપર પણ હોમગાર્ડ જવાનો દ્વારા નજર રાખી શકાય તેમ છે.

# બીઆરટીએસ બસની ટક્કર વાગતા એકનું કરૂણ મોત થયું

## બાઈક પર જતા પતિ-પત્ની અકસ્માતનો શિકાર : પતિને ઈજા થયા બાદ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા

અમદાવાદ, તા.૧૧

રોજનું લાખો રૂપિયાનું નુકશાન વેઠીને બીઆરટીએસ સેવા ચલાવવામાં આવી રહી છે. આ બીઆરટીએસ નાગરીકો માટે સુવિધા કરતાં જીવલેણ દુવિધા વધારે ઉભી કરી રહી હોવાનું જણાય રહ્યું છે ત્યારે આજે સવારે આરટીઓ સર્કલ પાસે બાઈક પર સવાર જઈ રહેલ પતિ-પત્નીને બીઆરટીએસએ અડફેટે લીધા હતા જ્યા પતિ-પત્ની બંનેને ગંભીર ઈજા થતાં સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતમાં ગંભીર ઈજાના પગલે પત્નીનું મોત નિપજ્યું હતું.

પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર આજે સવારે ૧૧:૧૫ વાગ્યે અમરાઈવાડીના મેજીલીલની ચાલીમાં રહેતા નરેન્દ્રભાઈ ઈશ્વરભાઈ પરમાર (ઉ. ૪૮) પોતાની પત્ની હંસાબેન નરેન્દ્રભાઈ પરમાર (ઉ. ૪૫) સાથે બાઈક (જીજે-૧-એમએસ-૫૪૮૨) પર આરટીઓ સર્કલ પાસે પસાર થઈ રહ્યા હતા ત્યારે પૂર ઝડપે આવી રહેલ બીઆરટીએસ બસ (જીજે-૧-સીએક્સ-૪૩૮૩)એ નગીનભાઈ-હંસાબેનના બાઈકને ટક્કર મારતા તેઓ ફંગોળાયા હતા. આ અકસ્માતમાં હંસાબેનને માથા તેમજ કાનના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. તેમજ નગીનભાઈને પણ ઈજા થતાં સ્થાનિક લોકોએ ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવીને તેઓને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા જ્યાં ફરજ પરના ડોકટરો હંસાબેનને મૃત જાહેર કર્યા હતા. અને નગીનભાઈને પણ ગંભીર ઈજાના પગલે સારવાર અપાય હતી. આ અકસ્માતનો ગુનો રાણીપ પોલીસે દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પ્લસ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૧૦૩, યુ.આઈ.ડી.સી., કલા મેટરની લાગુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીશોપ,
● વાહનોનું રીપેરીંગ કામજ મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE
કેસ્ટ્રોલ
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧